સુચના:

સવેતન માંદગીના દિવસો અધિનિયમ: પિટ્સબર્ગ સિટી કોડ પ્રકરણ 626

સિટી ઓફ પિટ્સબર્ગના પેઇડ સિક ડેઝ એક્ટ (સવેતન માંદગીના દિવસો) (ધ "એક્ટ") ને અનુલક્ષીને, નિયોક્તાએ કર્મચારીની અથવા કુટુંબના સભ્યની માંદગી, ઇજા અથવા આરોગ્યની સ્થિતિ; અથવા જાહેર આરોગ્યની કટોકટીની સ્થિતિ અથવા કુટુંબના કોઇ સભ્યના ચેપી રોગના વિગોપન માટે નિયોક્તાએ લાયક કર્મચારીઓને પેઇડ સિક ટાઇમ (સવેતન માંદગી સમય) પુરો પાડવો જોઇએ. (માન્ય વપરાશની સંપુર્ણ સુચિ માટે પિટ્સબર્ગ સિટી કોડ, §626.04 જુઓ; કૃપા કરીને લાગુ વ્યાખ્યાઓ માટે કાયદાના વહીવટ માટે જારી કરાયેલ અધિનિયમ અને માર્ગદર્શિકા પણ જુઓ.)

પેઇડ સિક ટાઇમ (સવેતન માંદગી સમય) ના અધિકારનો સારાંશ		
નિયોક્તાની સાઇઝ (પાછલા બાર (12) મહિના)	પંદર (15) કરતા ઓછા કર્મચારીઓ	પંદર (15) અથવા વધુ કર્મચારીઓ

અધિનિયમ હેઠળ બીમારીના સમયનો જમા દર	પિટ્સબર્ગ શહેરની ભૌગોલિક સીમાઓની અંદર દર 35 કલાકના કામ માટે 1 કલાકનો પેઇડ સિક ટાઇમ (ચૂકવેલ બીમાર સમય). **નોંધ: નીચે આપેલ અસરકારક તારીખ પછીના પ્રથમ વર્ષ માટે, ફક્ત અનપેઇડ સિક ટાઇમ (અવેતન બીમાર સમય) નો દર આ દરે વધારવો જરૂરી છે.**	પિટ્સબર્ગ શહેરની ભૌગોલિક સીમાઓની અંદર દર 35 કલાકના કામ માટે 1 કલાકનો પેઇડ સિક ટાઇમ (ચૂકવેલ બીમાર સમય).
અધિનિયમ અંતર્ગત જમા કેપ્સ (નોંધ: તમારા નિયોક્તા પાસે વધુ ઉદાર રજા નીતિ હોઈ શકે છે.)	નિયોક્તા ઉંચી રકમ નક્કી ન કરે ત્યાં સુધી કેલેન્ડર વર્ષમાં પેઇડ સિક ટાઇમ (ચૂકવેલ બીમાર સમય) ના 24 કલાકથી વધુ નહીં. **નોંધ: નીચે સુચિબદ્ધ અસરકારક તારીખ પછીના પ્રથમ વર્ષ માટે, ફક્ત અનપેઇડ સિક ટાઇમ (અવેતન બીમાર સમય) નો દર આ દરે વધારવો આવશ્યક છે.**	નિયોક્તા ઉંચી રકમ નક્કી ન કરે ત્યાં સુધી કેલેન્ડર વર્ષમાં પેઇડ સિક ટાઇમ (ચૂકવેલ બીમાર સમય) ના ચાલીસ (40) કલાકથી વધુ નહીં.
અસરકારક તારીખ	15 માર્ચ, 2020	15 માર્ચ, 2020

જે કર્મચારીઓ જમા સિક ટાઇમ (બીમાર સમય) ની વિનંતી કરે છે અથવા ઉપયોગ કરે છે તેમની સામે બદલો પ્રતિબંધિત છે. જો તમને લાગે કે તમારા અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે કારણ કે તમારા જમા સિક ટાઇમ (બીમાર સમય) નો મળવાપાત્ર (જમા) નો અથવા ઉપયોગ કરવાનો અધિકાર નકારવામાં આવ્યો છે, તો તમને મેયર્સ ઓફિસ ઓફ ઈક્વિટીમાં ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. વધુ માહિતી માટે અથવા ફરિયાદ નોંધાવવા માટે કૃપા કરીને https://paidsickleave.pittsburghpa.gov ની મુલાકાત લો.

પ્રારંભિક ઇસ્યુની તારીખ: 12/16/2019

સુધારેલ ઇસ્યુની તારીખ: 12/17/2019